સુવિચાર : દુઃખને જે દબાવી દે એ સુખ, અને દુઃખને જે હંમેશા માટે મીટાવી દે તે આનંદ - જીવન શિક્ષણ

તાપમાન
મહત્તમ : ૨૮.૮ ડીગ્રી
લઘુતમ : ૧૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૫ ટકા ● સાંજે ૩૦ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૫૭ | ૨૮ નવેમ્બર, ૨૦૧૫, શનિવાર ; કારતક વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦





**પ્રચાર રેલી :** રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પ્રચાર પડઘમ શાંત થાય તે પૂર્વે ગામેગામ બંને પક્ષોની પ્રચાર રેલીઓ યોજાઈ હતી. તમામ ઉમેદવારોએ છેલ્લી ઘડીએ એડીચોટીનું જોર લગાવ્યું હતું. બંને પક્ષોએ શક્તિ પ્રદર્શન યોજી મતદારોને પ્રભાવિત કરવાનો પ્રયાસ કર્યો હતો.

## બિહારમાં તમામને મફત વિજ જોડાણ આપવાની જાહેરાત

**શરાબના વેચાણ ઉપર પ્રતિબંધ મુકવા જાહેરાત બાદ વધુ એક નિર્ણય : સાત વચનો અપાયા હતા જે પૈકીના બે પુરા**

પટણા,તા. ૨૭

બિહારના મુખ્યમંત્રી નીતીશકુમારે વધુ એક મોટો નિર્ણય કરીને આજે તમામને મફતમાં વિજળી કનેક્શન આપવાની આજે જાહેરાત કરી હતી. નવેમ્બર ૨૦૧૭ સુધી બિહારના દરેક ઘરમાં મફત વિજળી કનેક્શન ઉપલબ્ધ કરાવી દેવામાં આવશે. આ અગાઉ રાજ્યમાં શરાબ ઉપર પ્રતિબંધ મુકવાની જાહેરાત કરવામાં આવી હતી. ચૂંટણી પહેલા નીતીશકુમારે સાત વચનો આપ્યા હતા. જેમાં લોકોને મફતમાં વિજળી આપવાના વચનનો સમાવેશ થાય છે. કનેક્શન ફીમાં આપવામાં આવશે પરંતુ ખર્ચ કરવામાં આવેલી વિજળી માટે પૈસા ચુકવવા પડશે. આ પ્રોજેક્ટ ઉપર ૧૮૦૦ કરોડનો ખર્ચ થશે. ૨૦૦૫માં રાજ્યના દરેક વિસ્તારમાં ઓછી વિજળી રહેતી હતી પરંતુ વર્ષ

● અનુસંધાન પાન-૭ પર

## અશ્વિનનો તરખાટ



## દક્ષિણ આફ્રિકા સામે ભારતની ૧૨૪ રને ઐતિહાસિક જીત

નાગપુર,તા. ૨૭

સ્પીનર અશ્વિનની ઘાતક બોલિંગના પરિણામ સ્વરુપે આજે ભારતે નાગપુર ખાતે રમાયેલી ત્રીજી ટેસ્ટ મેચના ત્રીજા દિવસે જ પ્રવાસી દક્ષિણ આફ્રિકા પર ૧૨૪ રને જીત મેળવી લીધી હતી. બીજી ઈનિંગ્સમાં અશ્વિને ૬૬ રન આપીને સાત વિકેટ ઝડપી જોરદાર તરખાટ મચાવ્યો હતો. પ્રથમ ઈનિંગ્સમાં પણ અશ્વિન જ હીરો રહ્યો હતો. અશ્વિનની શાનદાર બોલિંગના કારણે ભારત આ શ્રેણી જીતી જવામાં સફળ રહ્યું છે. મેન ઓફ દ મેચ તરીકે અશ્વિનની જ પસંદગી કરવામાં આવી હતી. નાગપુર ખાતે ત્રીજી ક્રિકેટ ટેસ્ટ મેચના ગઈકાલે બીજા દિવસે કુલ ૨૦ વિકેટો પડી હતી. આજે ત્રીજા દિવસે પણ બોલરોનો દિવસ રહ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# બંધારણ ભારતનો સામાજીક દસ્તાવેજ છે : મોદી

નવીદિલ્હી, તા. ૨૭

બંધારણ દિવસની ઉજવણીનું સમાપન સંબોધન કરતાં લોકસભામાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ બંધારણને ભારતનો ધર્મગ્રંથ ગણાવ્યો હતો. બંધારણ ભારતનો સામાજીક દસ્તાવેજ છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર, પંડિત જવાહરલાલ નહેરૂ, સરદાર પટેલ સહિત સૌને પ્રણામ પાઠવ્યા હતા. નેશન ફર્સ્ટની હાંકલ કરતા નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિ એ જ ભારતનું લક્ષ્ય છે અને એ જ ભારતનો માર્ગ છે. બંધારણ બદલવાની વાત કોઈ કાળે વિચારી ન શકાય એવી બાબત છે. બંધારણ છે તો ભારત છે એમ આપણી સૌની પ્રતિબદ્ધતા આપણે વ્યક્ત કરીએ.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કહ્યું હતું કે, આગળ વધવા માટે એકમાત્ર રસ્તો સર્વસંમતિનો છે. ભારતના વિકાસમાં અગાઉની તમામ સરકારો દ્વારા ભજવવામાં આવેલી ભૂમિકાની મોદીએ પ્રશંસા કરી હતી. લોકસભામાં બંધારણની કટિબદ્ધતા ઉપર ચર્ચામાં ભાગ લેતા મોદીએ કહ્યું હતું કે, ગૃહમાં બહુમતિનો મતલબ અન્યો ઉપર ઈચ્છા શક્તિ લાદવાનો નથી. તેમણે ઉમેર્યું હતું કે, અમે સર્વસંમતિ મારફતે કામ કરવા માટે ઈચ્છુક છીએ. લઘુમતિ અથવા બહુમતિની વાત કરી રહ્યા નથી. લોકશાહીની સૌથી મોટી તાકાત તરીકે સર્વસંમતિ છે. બંધારણની સમીક્ષાને કોઈપણ વિચારને ફગાવતા તેમણે કહ્યું હતું કે, બંધારણની સાથે ચેડા કરવાની બાબત આત્મહત્યા સમાન છે. અગાઉની તમામ સરકારોની ભૂમિકાની મોદીએ પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે, ઘણા બધા લોકો અને તમામ સરકારો દ્વારા દેશનું નિર્માણ કરવામાં આવ્યું છે. કોઈપણ વ્યક્તિ એમ કહી શકે નહીં કે

● અનુસંધાન પાન-૭ પર

PRIME LOCATION FOR YOUR BUSINESS
હસમુખભાઇ પટેલ 9898935008 9737124032
ઓફિસ નંબર 9904483888
atria
"The Business Hub"
દુકાનો-ઓફિસો, ભાડે-વેચાણ આપવાની છે.
atria corner, KH-0, સરગાસણ ચાર રસ્તા, ગાંધીનગર

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82

નરોડાથી ૧૨ કીમી ઝાક ગામ (તા.દહેગામ, જિ.ગાંધીનગર) ખાતે આવેલી ફેકટરી માટે
આસીસ્ટન્ટ મેનેજર જોઈએ છે.
Tally ERP ના જાણકાર ગ્રેજયુએટ યુવક. ફેકટરીમાં સહાયક મેનેજર તરીકે ૩-૫ વર્ષનો સુપરવાઈઝરી અનુભવ ધરાવતા તથા કરેલ કામકાજના બે રેફરન્સ સાથે અરજી મોકલવી.
પગાર અનુભવ તથા લાયકાત પ્રમાણે અપેક્ષા મુજબ મળશે.
Email : scpl@shreechemgroup.com
સાગ પર્યાય વિતરણ
૨૨-એ, સ્વસ્તિક સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦૦૦૯




